# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 14-07-2026** **EVENING: 7.10 TO 7.20**
**Day : TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **ચૈતાલી જોશી** વાંચે છે.

***************************************************

1) કેન્દ્રીય મંત્રી મનસુખ માંડવિયાએ દેશમાં છ કર્મચારી રાજ્ય વિમા પહેલોનો પ્રારંભ કરાવ્યો -સુરેન્દ્રનગરમાં ESI દવાખાનાનું પણ લોકાર્પણ.

2) અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા પૂર્વે આજે નેત્રોત્સવ વિધિ યોજાઇ -નાયબ મુખ્યમંત્રીએ સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી.

3) ઇન્ડિયન મેડિકલ એસોસિયેશને ચાંદીપુરા વાયરસ અંગે રાજ્યના બાળરોગ નિષ્ણાંત અને તબીબો માટે માર્ગદર્શિકા જાહેર કરી.

4) દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આજે હળવા વરસાદની આગાહી.

5) પુરુષ ક્રિકેટમાં, ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે ત્રણ એક દિવસીય મેચની શ્રેણીનો આજે પ્રથમ મુકાબલો.

-----------------------------

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)
હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# MANDAVIYA ESI

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી મનસુખ માંડવિયાએ આજે 650 કરોડ રૂપિયાના ખર્ચે દેશભરમાં છ કર્મચારી રાજ્ય વિમા- ESI પહેલોનો પ્રારંભ કરાવ્યો. આ પહેલો દેશભરમાં 53 લાખ લાભાર્થીઓને ICU અને NICU સંભાળ સહિત અદ્યતન, મફત તબીબી સેવાઓ પૂરી પાડશે. આ પ્રસંગે તેમણે શ્રમ અને યુવા શક્તિને રાષ્ટ્રીય પ્રગતિના બે સૌથી મહત્વપૂર્ણ સ્તંભ ગણાવ્યા. તેમણે જણાવ્યું, ગત દાયકામાં ESIC લાભાર્થીઓની સંખ્યા સાડા સાત કરોડથી બમણી થઈને 15 કરોડ થઈ છે, જેનાથી દેશનું સામાજિક સુરક્ષા કવચ 19 ટકાથી વધીને 64 ટકા થયું છે. શ્રી માંડવિયાએ આજે સુરેન્દ્રનગરમાં ESI દવાખાનું અને શાખા કાર્યાલયનું પણ લોકાર્પણ કર્યું.

# RATHYATRA NETROTSAV

અમદાવાદ શહેરમાં ભગવાન જગન્નાથજીની 149મી રથયાત્રા પૂર્વે આજે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં જગન્નાથ મંદિરે નેત્રોત્સવ વિધિ યોજાઇ. શ્રી જગન્નાથજી મોસાળ સરસપુરથી નિજ મંદિરે પધાર્યા હતા. જ્યાં ભગવાન શ્રી જગન્નાથજી, બળભદ્રજી અને સુભદ્રાજીના નેત્રોનું પુનઃ અંકન કરાયું. નેત્રોત્સવ બાદ ભક્તોએ ભગવાનના પ્રથમ દર્શન કર્યા હતા.

આ પ્રસંગે શ્રી સંઘવીના હસ્તે મંદિરમાં ધ્વજારોહણ પણ સંપન્ન થયું. ધ્વજારોહણ બાદ તેઓ મહાઆરતીમાં સહભાગી થયા. નેત્રોત્સવ દરમિયાન ભગવાનને આવકારવા અને તેમના દર્શન કરવા ભક્તોમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળ્યો.

# RATHYATRA SAFETY

અમદાવાદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રાના સમગ્ર રૂટનું નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ આજે નિરીક્ષણ કર્યું અને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી. તેમણે રૂટના સંવેદનશીલ વિસ્તાર, કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તેમજ કટોકટી સેવાઓના આગોતરા આયોજન અંગે અધિકારીઓ સાથે ચર્ચા કરી. સુરક્ષા વ્યવસ્થા અંગે શ્રી સંઘવીએ જણાવ્યું, લોખંડી સુરક્ષા માટે 10 IG/DIG સહિત 30 હજારથી વધુ પોલીસ જવાનો, 15 SRPF અને 9 કેન્દ્રીય દળોની કંપનીઓ તૈનાત કરવામાં આવી છે. રથયાત્રામાં અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ પણ કરાશે તેમ પણ તેમણે ઉમેર્યું.

(BYTE : HARSH SANGHAVI, DY. CM)

# IMA CHANDIPURA

ઇન્ડિયન મેડિકલ એસોસિયેશને રાજ્યમાં ફેલાયેલા ચાંદીપુરા વાયરસ અંગે માર્ગદર્શિકા જાહેર કરી છે. રાજ્યના તમામ બાળરોગ નિષ્ણાંત અને તબીબો માટે જાહેર કરાયેલી આ માર્ગદર્શિકામાં રોગના મુખ્ય લક્ષણો, વાયરસ કેવી રીતે ફેલાય છે, તેમજ તેનાથી બચવા માટેના સાવચેતીના પગલાં જણાવવામાં આવ્યા છે.

ચાંદીપુરા વાયરસ મુખ્યત્વે સેંડફ્લાયના કરડવાથી ફેલાય છે અને ખાસ કરીને 15 વર્ષ સુધીના બાળકોમાં ગંભીર બિમારીનું કારણ બની શકે છે.

# CHANDIPURA -KUTCH

કચ્છ જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જિલ્લામાં ચાંદીપુરા વાયરસ અંગે સાવચેતી અને તકેદારી માટે આરોગ્ય સંસ્થાઓને સતર્ક રહેવા સૂચના આપવામાં આવી છે. જિલ્લા મુખ્ય આરોગ્ય અધિકારીએ મચ્છરદાનીનો ઉપયોગ, સ્વચ્છતા જાળવવા તથા રેતી માખી (Sand Fly) અને અન્ય જીવાતોથી બચવા ખાસ ધ્યાન રાખવા અપીલ કરી છે. આશા, એએનએમ અને મલ્ટીપર્પઝ હેલ્થ વર્કરો દ્વારા ગામડાંઓમાં ઘરો-ઘર જઈ જનજાગૃતિ અને સર્વેલન્સની કામગીરી પણ હાથ ધરવામાં આવી રહી છે.

# SAKKARBAAG ZOO

જુનાગઢના સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય ખાતે વાઘની પજવણી મામલે વન વિભાગે બે શખ્સની અટકાયત કરી છે. રાજકોટના પડધરીના આ બંને શખ્સ સામે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ- 1972 હેઠળ કાર્યવાહી કરવામાં આવી હોવાનું સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયના નિયામક રાજદીપસિંહ ઝાલાએ જણાવ્યું...

(BYTE : RAJDEEPSINH ZALA, DIRECTOR)

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in/**સ્લેશ**/GU** અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલૉ કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# LOCAL BODY ELECTION

સ્થાનિક સ્વરાજ્યની પેટા ચૂંટણીમાં આજે ઉમેદવાર પત્રો ભરવાનો છેલ્લો દિવસ હતો. જુનાગઢ મહાનગરપાલિકા વોર્ડ નંબર ત્રણની એક બેઠક પર યોજાનાર ચૂંટણી માટે આજે ભાજપ તરફથી અક્રમ કુરેશી, કોંગ્રેસ તરફથી અશરફ થઈમ અને આમ આદમી પાર્ટી તરફથી મહેબૂબ પંજાએ પોતાની ઉમેદવારી રજૂ કરી. બીજી તરફ ભરૂચ જિલ્લાની નેત્રંગ તાલુકા પંચાયતની બિલોઠી બેઠક પર ભાજપમાંથી કાંતિલાલ વસાવા, આમ આદમી પાર્ટીમાંથી પ્રવીણ વસાવા અને કોંગ્રેસમાંથી રણજીત વસાવાએ ઉમેદવારી નોંધાવી. આ બેઠક પર આમ આદમી પાર્ટીના વિજેતા ઉમેદવારના નિધન બાદ બેઠક ખાલી પડતાં પેટાચૂંટણી યોજાઈ રહી છે. ખાલી પડેલી બેઠકો પર 28 જુલાઈએ મતદાન યોજાશે, જ્યારે 30 જુલાઈના રોજ મતગણતરી હાથ ધરાશે.

# AHMEDABAD SOLA CIVIL

અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલ ખાતે આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયા દ્વારા નવનિર્મિત સિટી-સ્કેન, સોનોગ્રાફી મશીન અને કોક્લીયર ઇમ્પ્લાન્ટ મોડ્યુલર ઓ.ટી.નું લોકાર્પણ કરાયું હતું. શ્રી પાનશેરીયાએ આ પ્રસંગે જુદા જુદા વિભાગોની મુલાકાતની સાથે કોક્લીયર ઇમ્પ્લાન્ટના બાળદર્દીઓ સાથે પણ મુલાકાત કરી હતી.

સોલા સિવિલ હોસ્પિટલ કોક્લીયર ઇમ્પ્લાન્ટ સર્જરીમાં રાજ્ય કક્ષાએ પ્રથમ ક્રમે છે. રાજ્ય સરકાર દ્વારા રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ પ્રોગ્રામ અંતર્ગત વિનામૂલ્યે કોક્લીયર ઇમ્પ્લાન્ટ સર્જરી કરવામાં આવે છે.

# WEATHER

સૌરાષ્ટ્ર, દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં આજે હળવા વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ આજે નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ તેમજ વડોદરા અને છોટા ઉદેપુરમાં વરસાદની શક્યતા છે. સૌરાષ્ટ્રના જુનાગઢ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં પણ આજે વરસાદી માહોલ સર્જાઇ શકે છે. જોકે રાજ્યમાં હાલ સરેરાશ 25 ટકા કરતાં ઓછો વરસાદ નોંધાયો હોવાનું હવામાન વિભાગના નિયામક ડૉ. એ કે દાસે જણાવ્યું.

**(BYTE : A K DAS, IMD DIRECTOR)**

# RRU WORKSHOP

ગાંધીનગર સ્થિત રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી- RRUની સ્કૂલ ઓફ ઇન્ટરનલ સિક્યુરિટી એન્ડ સ્માર્ટ પોલિસિંગ દ્વારા આજે "પોલીસ ઈમેજ અને પોલીસિંગની શ્રેષ્ઠ પદ્ધતિઓ" પર એક દિવસીય કાર્યશાળા યોજાઇ. જેમાં ગુજરાત, ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, દિલ્હી, મેઘાલય,પશ્ચિમ બંગાળ અને રાજસ્થાન સહિત વિવિધ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના DG અને IG સહિત વરિષ્ઠ પોલીસ અધિકારીઓએ ભાગ લીધો. કાર્યક્રમમાં સંસ્થાના ઇન્ચાર્જ નિયામક રુચિકા સિંગલાએ નાગરિક-કેન્દ્રિત, ટેકનોલોજી આધારિત, ભવિષ્યલક્ષી, કાર્યક્ષમ અને અસરકારક ભારતીય પોલીસ માળખાના નિર્માણના વિઝનની રૂપરેખા આપી. કાર્યશાળામાં ભારતના પ્રતિષ્ઠિત પોલીસ અધિકારી અને નિષ્ણાતો હાજર રહ્યા જેમણે આધુનિક પોલિસિંગમાં તેમના અનુભવો અને શ્રેષ્ઠ પદ્ધતિઓ રજૂ કરી.

# E - BUS

ગાંધીનગરની ઇ-બસ સેવાને નાગરિકોનો બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. આ ઇ-બસમાં 14 દિવસમાં દોઢ લાખથી વધુ નાગરિકોએ મુસાફરી કરી. મહિલાઓ અને વિદ્યાર્થિનીઓ માટે સુરક્ષિત આ આધુનિક ઇ-બસો એસી અને CCTVથી સજ્જ છે.

આ ઇ-બસ સેવાના નજીવા ભાડાથી મધ્યમવર્ગ અને વિદ્યાર્થીઓને મોટી રાહત મળી છે. ઇલેક્ટ્રિક બસો પ્રદૂષણ ઘટાડો કરી પર્યાવરણને ફાયદાકરક બનવાની સાથે ટ્રાફિકનું ભારણ ઘટાડવામાં મદદરૂપ બની છે. આ અંગે એક મુસાફરની પ્રતિક્રિયા સાંભળીએ..

(BYTE : PASSENGER)

# PM - MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 26 જુલાઈના રોજ આકાશવાણી પર મન કી બાત કાર્યક્રમમાં દેશ અને વિદેશના લોકો સમક્ષ પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમની 136મી કડી હશે.

નાગરિકો ટોલ-ફ્રી નંબર 1800-11-7800 દ્વારા કાર્યક્રમ માટે પોતાના વિચારો અને સૂચનો મોકલી શકે છે. તેઓ નરેન્દ્ર મોદી એપ અથવા MyGov ઓપન ફોરમ દ્વારા ઓનલાઈન પણ પોતાનો અભિપ્રાય મોકલી શકે છે. નાગરિકો 1922 પર મિસ્ડ કોલ પણ આપી શકે છે અને SMSમાં મળેલી લિંકને અનુસરીને સીધા પ્રધાનમંત્રીને પોતાના સૂચનો મોકલી શકે છે. આ કડી માટે સૂચનો આ મહિનાની 24મી તારીખ સુધી મોકલી શકાશે.

# CRICKET- IND-ENG

પુરુષ ક્રિકેટમાં, બર્મિંગહામના એજબેસ્ટન ખાતે ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ત્રણ મેચની એક દિવસીય આંતરરાષ્ટ્રીય શ્રેણીની પ્રથમ મેચ રમાઈ રહી છે. ઇંગ્લેન્ડે ભારતને જીતવા 259 રનનો લક્ષ્યાંક આપ્યો છે. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતા ઇંગ્લેન્ડ 258 રનમાં ઓલઆઉટ થયું હતું. ભારત તરફથી સ્પિનર અક્ષર પટેલે ચાર વિકેટ ઝડપી હતી. ઇંગ્લેન્ડ તરફથી જો રૂટે સૌથી વધુ અણનમ 76 રન બનાવ્યા હતા.